પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**જાહેરનામું**

ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: એસ.બી./જાહેરનામું/ 6863 /૨૦૨૧
તા.૨૯/૧૦/૨૦૨૧

અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક:એસ.બી/જાહેરનામું/૬૧૧૦/૨૫/૨૦૨૧ તા. ૨૫/૦૯/૨૦૨૧ તથા અત્રેથી બહાર પાડવામાં આવેલ એસ.બી.જાહેરનામુ એસ.બી/જાહેરનામું/૬૪૧૪/૨૦૨૧ તા.૦૮/૧૦/૨૦૨૧માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

હાલમાં વિશ્વ ભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે આ મહામારીને કાબુમાં લેવી અતિ આવશ્યક હોય કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા વખતો વખત સૂચના તથા હુકમો બહાર પાડવામાં આવેલ છે. ગૃહ વિભાગ ગુજરાત સરકારના હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૪/૦૯/૨૦૨૧થી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ ગુજરાત રાજ્યમાં સતત કોરોના કેસોમાં ઘટાડો થયેલ હોય જેથી પુન: સમીક્ષા કરી ગૃહ વિભાગ ગુજરાત સરકારશ્રી હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૮/૦૯/૨૦૨૧ના જે વંચાણે લેતા ઉપર મુજબના જાહેરનામામાં સુધારો કરી રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મૂકવામાં આવેલ નિયંત્રણોની સમય મર્યાદામાં ફેરફાર કરવો આવશ્યક જણાય છે.

હું મનોજ અગ્રવાલ, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) મુજબની મને મળેલ અધિકારની રૂએ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી હેડ કોન્સ્ટેબલનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ, તેમજ નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**પ્રતિબંધીત કૃત્યો**

1. રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં તારીખ 30/10/2021 થી તારીખ 30/11/2021 સુધી રાત્રીના ૧/૦૦ વાગ્યાથી સવારના ૦૫/૦૦ વાગ્યા દરમિયાન વિસ્તારના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહી તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઊભા રહેવું નહી, રખડવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.
2. રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં તમામ દુકાનો, વાણિજયક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટિંગ યાર્ડ,અઠવાડીક ગુજરી/બજાર/હાટ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારીક ગતિવિધિ રાત્રીના ૨૪/૦૦ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે.
3. રેસ્ટોરેન્ટ્સ રાત્રીના ૨૪/૦૦ કલાક સુધી બેસવાની ક્ષમતાના મહત્તમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન ચાલુ રાખી શકાશે.. Home Delivery તથા Take Away પણ રાત્રીના ૨૪/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.
4. સીનેમા હોલ ૧૦૦% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.
5. નુતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમોનું આયોજન કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) કરી શકાશે.
6. કોરોના ગાઇડ લાઇનનું પાલન કરવાની શરતે નિયત નિયત S.O.Pને આધીન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં છઠ્ઠ પૂજાના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે શકાશે.
7. સ્પા સેન્ટરો નિયત કોરોના ગાઇડ લાઇનના ચુસ્તપણે પાલન સાથે સવારના ૦૯/૦૦ કલાકથી રાતના ૨૧/૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.
8. જીમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન ચાલુ રાખી શકાશે
9. જાહેર બાગ-બગીચાઓ રાત્રીના ૨૨/૦૦ સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન ખુલ્લા રાખી શકાશે.
10. લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦(ચારસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરવાની રહેશે.
11. અંતિમ ક્રીયા/દફન વિધી માટે ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે.
12. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિક. શૈક્ષણિક જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યક્તિઓ એકત્રિત થઈ શકશે.

13. ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો /ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે બેચવાઇઝ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે ચાલુ રાખી શકાશે.

14. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે.

15. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે

16. વાંચનાલયો ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઈડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.Pને આધીન ચાલુ રાખી શકાશે.

17. પબ્લિક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટની નોન એ.સી બસ સેવાઓ .૧૦૦% ક્ષમતા સાથે ચાલુ રહેશે પરંતુ મુસાફરો ઊભા રહી પ્રવાસ કરી શકશે નહી. એ.સી.બસ અને સેવાઓ મહત્તમ ૭૫% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે.

18. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

19. ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો,મહત્તમ ૬૦% કેપેસીટી સાથે ચાલુ રાખી શકાશે.

20. વોટરપાર્ક તથા સ્વિમિંગ પુલ મહત્તમ ૭૫% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

21. ઉપરોક્ત નંબર ૨,૩,૪,૭,૮,૧૦,૧૩,૧૪,૧૬,૧૭,૧૮,૧૯,૨૦માં જણાવેલ બાબતો સંદર્ભમાં જે તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ માટે વેક્સિન નો પ્રથમ ડોઝ ફરજીયાત રહેશે. જે વ્યક્તિઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/હોસ્પીટલ Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેકસીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે.પ્રથમ ડોઝ લીધાને સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તો બીજો ડોઝ પણ લીધેલ હોય તે હિતાવહ રહેશે.

22. તમામે ફેસ કવર, માસ્ક અને શોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

23. ગૃહ વિભાગ ગુજરાત સરકારના હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૪/૦૯/૨૦૨૧ તથા ગૃહ વિભાગ ગુજરાત સરકારના હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૮/૧૦/૨૦૨૧ માં જણાવેલ જોગવાઈ તથા SOPનું પાલન કરવાનું રહેશે.અને ભવિષ્યમાં કોઈ સુધારો થશે તો તે પણ લાગુ પડશે

******અમલવારીના પીરીયડ અને વિસ્તાર******

આ હુકમનો અમલ તા. ૨૯/૧૦/૨૦૨૧ના કલાક ૦૦/૦૦ થી તા. ૩૦/૧૧/૨૦૨૧ના કલાક ૨૪/૦૦ સુધી કરવાનો રહેશે.

******પ્રતિબંધીત વિસ્તાર******

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

******અપવાદ******

(૧) રાત્રી કરફ્યુ દરમિયાન નીચે મુજબના અપવાદો લાગુ પડશે.

A. બિમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશક્ત વ્યક્તિઓએ સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છૂટ રહેશે.
B. મુસાફરોને રેલ્વે, એરપોર્ટ ST કે સીટી બસની ટીકીટ રજૂ કર્યેથી તેઓને અવરજવારની પરવાનગી આપવાની રહેશે.
C. રાત્રી કરફ્યુના સમયગાળા દરમિયાન લગ્ન યોજી શકાશે નહી.
D. આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરીકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવાર જવર દરમિયાન માંગણી કર્યેથી જરૂરી ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.
E. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડોક્ટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતા કાગળો અને અન્ય પુરાવાઓ રજૂ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.
F. અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

(૨) રાત્રી કરફ્યુ સિવાયના સમયગાળા માટે નીચે મુજબની આવશ્યક સેવા/પ્રવૃતિઓ જ ચાલુ રહેશે.

A. COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકાળયેલ સેવા તેમજ આવશ્યક /તાત્કાલીક સેવા સાથે સંકળાયેલ સેવાઓ ચાલુ રહેશે,
B. મેડીકલ,પેરામેડીકલ, તથા આનુસંગિક આરોગ્યલક્ષી સેવાઓ,
C. ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસથા,
D. ડેરી, દુધ-શાકભાજી, ફળ-ફળાદી ઉત્પાદન, વિતરણ અને વેચાણ તથા તેની હોમ ડીલીવરી સેવા,
E. શાકભાજી માર્કેટ, તથા ફુટ માર્કેટ
F. કરીયાણું, બેકરી, બધા પ્રકારની ખાદ્ય સામગ્રીનું વેચાણ અને તે વહેચવા માટેની ઓન લાઇન તમામ સેવાઓ,
G. અનાજ તથા મસાલા દળવાની ઘંટી,
H. ઘરગથ્થુ ટીફીન સર્વિસીસ અને હોટેલ/રેસ્ટોરન્ટમાંથી Take away facility આપતી સેવાઓ,
I. ઇન્ટરનેટ/ટેલીફોન/મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર/આઇ.ટી. અને આઇ.ટી. સબંધીત સેવાઓ,
J. પ્રિન્ટ અને ઇલેકટ્રોનીક મિડીયા, ન્યુઝ પેપર ડ્રીસ્ટ્રીબ્યુશન,
K. પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી/પી.એન.જી.ને સબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ,પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ,
L. પોસ્ટ અને કુરીયર સેવાઓ

M. ખાનગી સિકયુરીટી સેવા

N. પશુઆહાર, ઘાસચારો, તથા પશુઓની દવા તથા સારવાર સબંધીત સેવાઓ,

O. કૃષિ કામગીરી, પેસ્ટકંટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન અને વિતરણને લગતી તમામ સેવાઓ,

P. ઉકત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ,

Q. આંતર રાજય, આંતર જીલ્લા, અને આંતર શહેરની ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સબંધ ઇ-કોમર્સ સેવાઓ,

R. તમામ પ્રકારના ઉત્પાદન/ઔદ્યોગીક એકમો અને તેને રો મટીરીયલ પુરો પાડતા એકમો ચાલુ રહેશે. અને તેમના સ્ટાફ માટેની વાહન વ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમ્યાન COVID-19 સબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

S. બાંધકામને લગતી પ્રવૃતિઓ ચાલુ રહેશે. જે દરમ્યાન COVID-19 સબંધીત માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) ગૃહ વિભાગ ગુજરાત સરકારના હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૪/૦૯/૨૦૨૧ તથા ગૃહ વિભાગ ગુજરાત સરકારના હુકમ ક્રમાંક:- વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A તારીખ-૨૮/૧૦/૨૦૨૧ માં જણાવેલ અપવાદો લાગુ પડશે અને ભવિષ્યમાં કોઈ સુધારો થશે તો તે પણ લાગુ પડશે

**♣♣♣♣ શિક્ષા ♣♣♣♣**

આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ તથા The Epidemic Diseses Act 1897 અને The Disaster Management Act, 2005 મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખઃ-૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

29/X/21

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.

<u>નકલ રવાના:</u>

(૧) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૨) કલેકટરશ્રી, રાજકોટ શહેર
(૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૫) સયુંકત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨ રાજકોટ શહેર.
(૭) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,ઉતર/દક્ષિણ/પુર્વ/પશ્ચિમ/ક્રાઇમ બ્રાંચ/એસ.સી.એસ.ટી.સેલ/પો.હે.કવા./સાયબરસેલ/ટ્રાફીક, રાજકોટ
(૮) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૯) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૦) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૩) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(પાંચ નકલમાં.. નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૪) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવા સારૂ.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૧૯) રજીસ્ટ્રારશ્રી, એડીશ્નલ સેશન્સ જજ કોર્ટ, રાજકોટ.
(૨૦) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર/રાજકોટ તાલુકા
(૨૧) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ (સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)